## સાફલ્યા ગાથા  વિકલી તા. ૨૯.૦૫.૨૦૧૭ થી ૦૪.૦૬.૨૦૧૭

૧)   સાફ્લ્ય ગાથા (ફોટાઓ સાથે)

૨)   સુરક્ષા સેતુ અંતર્ગત થયેલ કાર્યક્રમો તથા તેને અનુરૂપ ફોટાઓની વિગત

નવસારી જીલ્લાના વાંસદા પોલીસ સ્ટેશન ધ્વારા સુરત કક્ષાની નવસારી, સુરત રુરલ, વલસાડ, ડાંગ અને તાપી જીલ્લાના પોલીસ અને પબ્લીક વચ્ચે ગીલોલ ( Slingshot) સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે.




### મુદા નંબર (૧)

1. જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ.

- નવસારી જીલ્લા પોલીસ ધ્વારા ગુમ થયેલ બાળકો/વ્યક્તિઓ શોધવા અંગે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરી સગા સબંધીનો સંપર્ક કરી શોધવાની કામગીરી કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોની ભારત સહકાર ધ્વારા શરુ કરવામાં આવેલ વેબસાઇટ http:/ trackthemissingchild.gov.in/ missing/ index.php ઉપર રોજે રોજ એન્ટ્રી કરવામાં આવે છે.
- પી.સી.આર. વાન ચીખલી, બીલીમોરા, નવાસરી ટાઉન વિસ્તાર, નવસારી રુરલ, જલાલપોર વિસ્તારમાં તાલીમ બધ્ધ ડ્રાયવરો તેમજ પોલીસ કર્મચારીઓ મુકી શરૂ કરી ૧૦૦ નંબર પર કોલ કરવાથી હેલ્પ મળી રહે.
- ગુમ થયેલ બાળકો અંગે જીલ્લાની મહીલા સુરક્ષા સમિતીની મહીલાઓ તેમજ એન.જી.ઓ.  ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર તેમજ જીલ્લાના તમામ અધિકારીઓ સાથે મીટીંગો કરવામાં આવે છે.

## મુદા નંબર (૩)

- **ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**
- ટ્રાફીક અવેરનસ અંગે શાળા કોલેજોમાં કાર્યક્રમો કરવામાં આવે છે.
- ટ્રાફીક જનજાગૃતિ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી ટ્રાફીકના નિયમો સાથેની જાહેર જગ્યાઓ તેમજ શાળા કોલેજોમાં આર.ટી.ઓની મદદથી અવેરનશ કાર્યક્રમો રાખવામાં આવેલ.

## મુદા નંબર (૪)

- **ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે ?**
- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, અવાવરૂ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવેલ છે.
- ક્રાઇમ ઇન્સ્વેસ્ટીંગ અંગે પોલીસના માણસોને સેમિનાર યોજી ગુનાઓ અટકાવવા તેમજ ઇન્સ્વેસ્ટીંગમાં અવેરનસ આવે તે સારૂ સેમિનારો યોજમાં આવે છે. ક્ષમતા વિકાસનું દરેક પોલીસ સ્ટેશન લેવલે આયોજન કરવામાં આવે છે.

## મુદા નંબર (૫)

- **અન્ય લોકહિતની બાબતો જે લોકોના તુરતજ ધ્યાન પર આવે તેવી બાબતો.**
- સુરક્ષા સેતુ સોસાયટીના ભાગરુપે એસ.પી.સી. ના બાળકોને વિવિધ પ્રકારની તાલીમ કેમ્પ, સેમિનારનુ આયોજન કરવામાં આવે છે.

બેટી બચાવો કાર્યક્રમ નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના પટાગણમાં રાખવામાં આવેલ.

